આદિજાતી વિસ્તારમાં નવી સરકારી મોડેલ ડે સ્કુલ (અપર પ્રાયમરી/માધ્યમિક/ઉ. મા. નવા મકાન બાંધકામ માટે વર્ષ ૨૦૧૪-૧૫ ફેરફાર કરેલ અંદાજપત્રના બજેટ પ્લાન સદરે નવી બાબતની કરેલ જોગવાઇ રૂ. ૬૦૦૦.૦૦ લાખની વહીવટી મંજુરી આપવા બાબત..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૪૨૦૧૪/ન.બા-૧૧૧૮/ક
સચિવાલય ગાંધીનગર,
તા. ૦૮/૦૮/૨૦૧૪

વંચાણે લીધા

(૧) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તારીખઃ૬/૫/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃજમીન બાંધકામ/નવી બાબત/૨૦૧૪/૫૨૨-૨૩

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તારીખઃ૨૩/૫/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃજમીન બાંધકામ/નવી બાબત/૨૦૧૪/૮૨૫-૨૬

(૩) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તારીખઃ૧૦/૭/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃજમીન બાંધકામ/નવી બાબત/૨૦૧૪/૮૨૫-૮૨૬

આમુખઃ

સને ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં (આદિજાતી વિસ્તાર)પ્લાન સદરે ઇ.ડી.એન.-૨૧ હેઠળ ૧૦ નવી સરકારી મોડેલ ડે સ્કુલ (અપર પ્રાયમરી/માધ્યમિક/ઉ.મા.) ના મકાન બાંધકામ માટે રૂ.૬૦૦૦.૦૦લાખની જોગવાઇ કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંકઃ(૧) ના તા.૨૭/૩/૨૦૧૪ ના પત્રથી કરવામાં આવેલ છે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંકઃ(૨) ના તા.૨૩/૫/૨૦૧૪ ના પત્ર થી પ્રસ્તુત નવી બાબતની વહીવટી મંજુરી આપવા વિનંતી કરેલ જે બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં (આદિજાતી વિસતાર) પ્લાન સદરે ઇડીએન-૨૧ હેઠળ આ સાથે સામેલ રાખેલ પત્રક-અ મુજબની ૧૦ નવી સરકારી મોડેલ ડે સ્કુલ (અપર પ્રાયમરી/માધ્યમિક/ઉ.મા.)ના મકાન બાંધકામ માટે રૂ.૬૦૦૦.૦૦ લાખ (સાઇઠ કરોડ પુરા)ની કરેલ જોગવાઇને નીચેની શરતોને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામા સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાયતો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨) આ દરખાસ્ત અંગે વિધાનસભાની બજેટ જોગવાઈઓની મંજુરી મળ્યાબાદ નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં વહીવટ મંજુરી અંગે જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પ્રર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૭) આ કામ અંગે આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

(૯) બાંધકામની યોજના માટે વિભાગે તાત્કાલિક કયા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૧૦) રજુ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૧૧) સુચિત કામો હેઠળ લેવાના થતા હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુંરો ધ્વારા લેવામાં આવે તેની અચુક તક.દારી રાખવાની રહેશે.

(૧૨) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે. જમીન સંપદનના અભાવે પૂરતી કામગીરી ખોરંભે ન પટે તે અમલીકરણમાં અવરોધક ન બને તેની આપની કચેરી કક્ષાએ પૂરતી તકેદારી રાખવી જમીન સંપાદન અંગેની ચોકસાઇ ખરાઇ કર્યા બાદ જ વર્ક ઓર્ડ આપવા આવે તેની પુરતી કાળજી લેવી.

(૧૩) તા. ૧/૮/૨૦૧૪ થી ખર્ચ કરવાનો રહેશે.

(૧૪) પ્લાનન એસ્ટીમેન્ટ માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરાવીને કામવાર નાણાં વિભાગની મંજુરી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ ઇડીએન-૨૧, માંગણી નં.૯૬,મુખ્ય સદર ૪૨૦૨-શિક્ષણ, ખેલકુલ કલા અને સંસ્કૃતિ અંગે મૂડી ખર્ચ, ૦૧-સામાન્ય શિક્ષણ, ૭૯૬-આદિજાતી વિસતાર પેટા યોજના, ૪૨-મકાનો ઇડીએન-૨૧ (૪૨૦૨-૦૧-૭૯૬-૪૨-૯) ખાતે ઉધારવાનો રહેશે. અને તે સદર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા /૭/૨૦૧૪ની નોંધથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

આપનો વિશ્વાસુ

( પી એન બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

(ઉપરોક્ત ચાર માટે: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા